પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૦ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨, મંગલવાર; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

શાહી પરંપરા સાથે મહારાણીની મહાવિદાય

૧૯૬૫ બાદ પ્રથમ વખત કોઈને બ્રિટનમાં રાજકીય અંતિમ સંસ્કારનું સન્માન મળ્યું : વિશ્વભરના ૨૦૦૦થી વધુ મહાનુભવો અંતિમવિધિમાં હાજર રહ્યા, કિંગ ચાર્લ્સ અને રોયલ ફેમિલીના સભ્યો કોફિનની સાથે ચાલ્યો

લંડન, તા.૧૯

બ્રિટિનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયની આજે અંતિમવિધી કરવામાં આવી. તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે દેશ વિદેશની જાણીતી હસ્તીઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા છે. અગાઉ કિંગ ચાર્લ્સ ત્રીજાએ રવિવારે બકિંગમ પેલેસમાં વિશ્વભરના નેતાઓને આવકાર્યા હતા. અમેરિકન પ્રમુખ જો બાઈડને પણ મહારાણીને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પી હતી. ૧૯૬૫ બાદ પ્રથમ વખત કોઈને બ્રિટનમાં રાજકીય અંતિમ સંસ્કારનું સન્માન મળ્યું છે. છેલ્લે બ્રિટનના પ્રથમ વડાપ્રધાન વિસ્ટન ચર્ચિલના રાજકીય અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. લંડનના વેસ્ટમિસ્ટર એબેમાં બ્રિટન અને વિશ્વભરની હસ્તીઓ ક્વિનને અંતિમ વિદાય આપવા પહોંચ્યા હતા.

ક્વિન એલિઝાબેથના કોફિનને વેસ્ટમિંસ્ટર એબેથી વેલિંગ્ટન આર્ક ખાતે લઈ જવામાં આવ્યું હતું. તેમના કોફિનને પાર્લામેન્ટ સ્કવેર, પાર્લામેન્ટ સ્ટ્રીટ, વ્હાઈટહોલ, હોર્સ ગાર્ડ્સ, ધ મોલ, ક્વિન્સ ગાર્ડન્સ, કોન્સ્ટિટ્યુશન હિલ અને એપ્સલે વે થઈને વેલિંગ્ટન આર્ક ખાતે લઈ જવાયું. કિંગ ચાર્લ્સ અને રોયલ ફેમિલીના સભ્યો કોફિનની સાથે ચાલ્યા હતા.

ક્વિનના નિધનને ૧૧ દિવસ પૂરા થઈ જશે અને આ દરમિયાન બ્રિટનના શાહી પરિવારનું અંગત દુઃખ આંતરરાષ્ટ્રીય જગતમાં પણ ચર્ચામાં રહ્યું હતું. ભારતનાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ પણ અંતિમ વિધિમાં હાજરી આપવા પહોંચ્યા હતાં. બાઈડન અને તેમના પત્ની જિલ બાઈડન લંડનમાં વેસ્ટમિસ્ટર હોલમાં બ્રિટિશ ધ્વજથી લપેટાયેલા કોફિનને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. કિંગ ચાર્લ્સે જાપાનના

● અનુસંધાન પાન-૭ પર

...તો યુએસ સેના મેદાનમાં ઊતરશે

અમેરિકન સૈનિક તાઈવાનમાં જો ચીને ઘૂસણખોરી કરી તો તાઈવાનની રક્ષા કરશે : બાઈડન

વોશિંગ્ટન, તા.૧૯

ચીન અને તાઈવાન વચ્ચે ચાલી રહેલા તણાવ પર અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને એક ઈન્ટરવ્યૂમાં આપેલુ નિવેદન ચીનને વધારે ભડકાવે તેવી શક્યતા છે.

મીડિયા રિપોર્ટસ પ્રમાણે આ ઈન્ટરવ્યૂમાં બાઈડનને પૂછવામાં આવ્યુ હતુ કે શું અમેરિકન સેના તાઈવાનની રક્ષા કરશે તો બાઈડને હામાં જવાબ આપીને કહ્યુ હતુ કે જો સાચે જ કોઈ અભૂતપૂર્વ હુમલો થશે તો અમેરિકન સેના તાઈવાનની રક્ષા માટે મેદાનમાં આવશે.

ઈન્ટરવ્યૂ લેનાર પત્રકારે વધારે સ્પષ્ટતા માટે પૂછ્યુ હતુ કે તો પછી તેનો મતબલ એ થયો કે યુક્રેન માટે જે સ્ટેન્ડ અમેરિકાએ લીધુ છે તેનાથી હટીને અમેરિકન સૈનિક તાઈવાનમાં જો ચીને ઘૂસણખોરી કરી તો તાઈવાનની રક્ષા કરશે. આ સવાલ પર બાઈડને હામાં જવાબ આપ્યો હતો.

મોહાલી યુનિવર્સિટી કેમ્પસ છ દિવસ બંધ

બે વોર્ડન સસ્પેન્ડ : વિદ્યાર્થીનીઓએ વહીવટી તંત્ર અને યુનિવર્સિટી મેનેજમેન્ટ આ કેસને દબાવવા પ્રયત્ન ન કરે તેવી માગણી સાથે હોબાળો કર્યો

ચંદીગઢ, તા.૧૯

પંજાબના મોહાલી ખાતે આવેલી ચંદીગઢ યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતી ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓના કપડાં બદલતા અને સ્નાન કરતા વીડિયો વાયરલ થવાના કાંડ બાદ ભારે હંગામો જોવા મળી રહ્યો છે. શનિવારે સાંજે આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ વિદ્યાર્થીનીઓ આંદોલન પર ઉતરી હતી પરંતુ ડીઆઈજીઅને પ્રશાસન દ્વારા નિષ્પક્ષ તપાસ માટે આશ્વાસન આપવામાં આવ્યું ત્યાર બાદ રવિવારે મોડી રાતે વિદ્યાર્થીનીઓએ પ્રદર્શનનો અંત આણ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

નામિબિયાથી લવાયેલા આઠ ચિત્તાના નામ અપાયા

મધ્યપ્રદેશના કૂનોમાં નામિબિયાથૂ ચિત્તા લાવવામાં આવ્યા : આ ૮ ચિત્તાઓના નામ ઓબાન, ફ્રેડી, સાવન્નાહ, આશા, સિબલી, સૈસા અને સાશા છે

શ્યોપુર, તા.૧૯

મધ્ય પ્રદેશના શ્યોપુરમાં કુનો નેશનલ પાર્કમાં નામીબીયાથી

લાવેલા ૮ ચિત્તાના નામ સામે આવ્યા છે. આ ૮ ચિત્તાઓના નામ ઓબાન, ફ્રેડી, સાવન્નાહ, આશા, સિબલી, સૈસા અને સાશા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક માદા ચિત્તાનું નામ 'આશા' પાડ્યું છે. જ્યારે બાકીના અન્ય ચિત્તાઓના નામ નામીબિયામાં જ રાખવામાં આવ્યા હતા.

૧૭ સપ્ટેમ્બરના રોજ નામીબિયાથી કુનો નેશનલ પાર્કમાં આ ચિત્તાઓને લાવવામાં આવ્યા. ઁસ્મોદીએ પોતેવાડાનો ગેટ ખોલીને તેમને વાડામાં છોડ્યા હતા. પ્રથમ દિવસે પોતાને નવા વાતાવરણમાં જોઈને ચિત્તાઓ થોડા નર્વસ થયા હતા પરંતુ તેમનો વ્યવહાર સામાન્ય અને સકારાત્મક જોવા મળ્યો હતો.

ચિત્તાઓ માટે જે વિશેષ વાડો બનાવવામાં આવ્યો છે તેમાં તેઓ ફરી રહ્યા છે અને સામાન્ય છે. ચિત્તાઓના તમામ વાઈટલ પેરામીટર સામાન્ય છે. તમામ ૮ ચિત્તાઓ આરામથી ઉંઘી રહ્યા છે અને હરી-ફરી રહ્યા છે. ચિત્તાઓને તેમના માટે બનાવેલા વિશેષ વાડામાં જ ખાવા માટે માંસ આપવામાં આવી રહ્યું છે. હાલમાં પાર્ક મેનેજમેન્ટ ચિત્તાઓના આચરણ અને વ્યવહારથી સંપૂર્ણ રીતે સંતુષ્ટ છે. કુનો મેનેજમેન્ટનું કહેવું છે કે અમે ચિત્તાઓ ઉપર સતત નજર રાખીએ છીએ. હાલમાં બધુ સામાન્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતની ધરતી પર આશરે ૭૦ વર્ષો બાદ એક વખત ફરીથી ચિત્તાઓ જોવા મળ્યા છે. વર્ષ ૧૯૫૨માં દેશમાં ચિત્તાઓને વિલુપ્ત જાહેર કરવામાં આવ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી આચાર્ય સ્વામી ધર્મેન્દ્રનું નિધન

વિશ્વ હિંદુ પરિષદ સાથે લાંબા સમય સુધી સક્રિય હતા : આચાર્ય ધર્મેન્દ્ર છેલ્લા ૧ મહિનાથી બીમાર હતા, તેમને જયપુરની એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા

જયપુર, તા.૧૯

હિન્દુ નેતા આચાર્ય સ્વામી ધર્મેન્દ્રનું અવસાન થઈ ગયું છે. તેમણે સોમવારે સવારે

રાજસ્થાનના જયપુરમાં અંતિમ શ્વાસ લીધા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આચાર્ય ધર્મેન્દ્ર છેલ્લા ૧ મહિનાથી બીમાર હતા. તેમને એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું અવસાન થઈ ગયું છે. આચાર્ય ધરમેન્દ્ર શ્રીરામ મંદિર આંદોલનમાં સક્રિય હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ થોડા દિવસ પહેલા જ તેમના સ્વાસ્થ્યની જાણકારી મેળવી હતી. રાજસ્થાન બીજેપીના અનેક નોતા પણ તેમની ખબર કાઢવા માટે હોસ્પિટલ પહોંચ્યા હતા.

આચાર્ય સ્વામી ધર્મેન્દ્રને બે પુત્રો છે સોમેન્દ્ર શર્મા અને પ્રણવેન્દ્ર શર્મા. સોમેન્દ્રની પત્ની અને આચાર્યની વહુ અર્ચના શર્મા હાલમાં ગેહલોત સરકારમાં સમાજ કલ્યાણ બોર્ડના અધ્યક્ષ છે.

દેશભરના હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકોએ આચાર્ય ધર્મેન્દ્રના અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે શ્રી રામ મંદિર આંદોલનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વિશ્વ હિંદુ પરિષદ સાથેના તેમના લાંબા જોડાણ દરમિયાન તેઓ રામ મંદિર મુદ્દે ખુલ્લા વલણને કારણે ચર્ચામાં હતા. બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં જ્યારે ચુકાદો આવવાનો હતો ત્યારે તેમણે ચુકાદા પહેલા કહ્યું હતું કે, હું આરોપી નંબર વન છું. મેં જે પણ કર્યું છે તે બધાની સામે કર્યું છે. હું સજાથી ડરતો નથી.

લિસેસ્ટરમાં ફરીથી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે અથડામણ થઈ

ઈંગ્લેન્ડમાં હિંદુ-મુસ્લિમો સામ સામે આવી ગયા : અથડામણ દરમિયાન કાચની બોટલો ફેંકવામાં આવી હતી

લંડન, તા.૧૯

યુકેના લિસેસ્ટરમાં ફરી એકવાર હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે અથડામણ થઈ છે. શનિવાર અને રવિવારે વહેલી સવારે શહેરમાં અથડામણોના કારણે ગંભીર અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી. જેને ધ્યાનમાં રાખી પોલીસે બંને પક્ષોને શાંતિ જાળવવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર આવેલા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ સપ્તાહના અંતે એક વિરોધ પ્રદર્શનના કારણે મામલો વધ્યો છે. વીડિયો ફૂટેજમાં પોલીસ ટોળાના બે જૂથોને રોકવાનો પ્રયાસ કરતી જોઈ શકાય છે જ્યારે આ દરમિયાન કાચની બોટલો ફેંકવામાં આવી હતી અને કેટલાક લોકોને લાકડીઓ અને દંડા સાથે જોઈ શકાય છે.

લેસ્ટર પોલીસના કામચલાઉ ચીફ કોન્સ્ટેબલ રોબ નિક્સને એક વીડિયો ટ્વીટમાં જણાવ્યું હતું કે, અમને શહેરના પૂર્વ લેસ્ટર વિસ્તારના ભાગોમાં અરાજકતાના અનેક અહેવાલો મળ્યા છે. અમે અધિકારીઓને ત્યાં મોકલ્યા છે અને અમે પરિસ્થિતિને નિયંત્રિત કરી રહ્યા છીએ. વધારાના અધિકારીઓ પણ ત્યાં પહોંચી રહ્યા છે. કૃપા કરીને તેમાં સામેલ થશો નહીં. અમે શાંતિ માટે અપીલ કરી રહ્યા છીએ.

એક મહિલા સાક્ષીએ જણાવ્યું કે, હુમલાખોરોએ કાળા રંગનું માસ્ક પહેર્યું હતું. તેમના ચહેરા ઢંકાયેલા હતા. એવું લાગી રહ્યું હતું જેમ કે, ફૂટબોલ મેચ જોયા બાદ કોઈ ભીડ પરત ફરી રહી હોય. પોલીસ ટીમ દ્વારા રોડ પર બેરિકેડીંગ લગાવવમાં આવી હતી. ભીડે હુમલો કર્યો તો પોલીસે તેને પાછળ ઢકેલવાનો પ્રયત્ન કર્યો હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે મોટી સંખ્યામાં લોકોની તલાશી લેવામાં આવી હતી અને ૨ લોકોને કસ્ટડીમાં લીધા છે.

ધર્માંતરણ કરનારાની સ્થિતિની સમીક્ષા માટે કેન્દ્ર નેશનલ કમિશન રચશે

આ કમિશન એવા અનુસૂચિત જાતિના લોકો અથવા તો દલિતોનો અભ્યાસ કરશે જેમણે હિંદુ, બૌદ્ધ અને શીખ સિવાયના અન્ય ધર્મોને અપનાવ્યા છે

નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટમાં એવી અનેક અરજીઓ પેન્ડિંગ છે જેમાં ધર્મ પરિવર્તન કરીને ઈસાઈ કે મુસ્લિમ બનનારા દલિત લોકોને અનામતનો લાભ આપવા માટેની માગણી કરવામાં આવેલી છે. આ કારણે કેન્દ્ર સરકાર એક એવું નેશનલ કમિશન રચવા માટે જઈ રહી છે જે ઈસાઈ કે ઈસ્લામમાં ધર્માંતરણ કરનારા અનુસૂચિત જાતિના લોકો અથવા તો દલિતોની સામાજીક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિની સમીક્ષા કરશે.

આ કમિશન એવા અનુસૂચિત જાતિના લોકો અથવા તો દલિતોનો અભ્યાસ કરશે જેમણે હિંદુ, બૌદ્ધ અને શીખ સિવાયના અન્ય ધર્મોને અપનાવ્યા છે. સરકાર હાલ આ પ્રકારનું કમિશન રચવા માટે વિચારણા કરી રહી છે અને ટૂંક સમયમાં જ આ અંગેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં હવે જેનરિક દવાઓ પણ ઓનલાઈન મળી શકશે

ભારતમાં જેનેરિક દવાઓની અગ્રણી ઓમની-ચેનલ રીટેઈલર મેડકાર્ટે તાજેતરમાં જ બે સમર્પિત ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યા

નવી દિલ્હી, તા.૧૯

ભારતમાં જેનેરિક દવાઓ પ્રત્યે લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે. હકીકતે તે દવાઓનો એક સલામત અને પરવડે તેવો વિકલ્પ છે. ભારતમાં જેનેરિક દવાઓની અગ્રણી ઓમની-ચેનલ રીટેઈલર મેડકાર્ટે તાજેતરમાં જ બે સમર્પિત ઓનલાઈન પ્લેટફૉર્મ લૉન્ચ કર્યા છે, જેમાંથી એક પોર્ટલ છે અને એક એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લિકેશન છે, જે ગ્રાહકોને જેનેરિક દવાઓ શોધવા, તેના અંગે જાણકારી મેળવવા અને આ દવાઓ ખરીદવામાં મદદરૂપ બનશે.

દેશમાં લાંબાગાળાની અને જીવનશૈલી સંબંધિત બીમારીઓના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે અને આ કારણે પરિવારો પર તેનું આર્થિક ભારણ પણ વધી રહ્યું છે. જોકે તેમ છતાં ભારતીય દવાઓના કુલ વેચાણમાં જેનેરિક દવાઓનો માર્કેટ હિસ્સો ખૂબ જ સામાન્ય કહી શકાય તેવો છે.

એક અભ્યાસ પ્રમાણે કોઈ પણ બીમારી પાછળ થતાં કુલ ખર્ચામાંથી ૭૬% ખર્ચો દવાઓ પાછળ થાય છે. ભારતની સરખામણીએ અમેરિકામાં ૮૫% પ્રીસ્ક્રિપ્શનોમાં દવાઓના જેનેરિક્સના નામો લખવામાં આવે છે. જ્યારે ભારતમાં ડૉક્ટરો દ્વારા લખી આપવામાં આવતાં પ્રીસ્ક્રિપ્શનોમાંથી માંડ ૧% પ્રીસ્ક્રિપ્શનમાં દવાઓના જેનેરિક નામ લખવામાં આવે છે. આ કારણે વિશેષ, સલામત અને પરવડે તેવા જેનેરિક વિકલ્પો અંગે જાગૃતિનો સર્વસામાન્ય અભાવ તેની લોકપ્રિયતા અને તેને મોટા પાયે અપનાવવાને આડે રહેલા મુખ્ય અવરોધોમાંથી એક છે.

મેડકાર્ટ દ્વારા લોન્ચ કરવામાં આવેલા ૨ ઓનલાઈન પ્લેટફૉર્મ ગ્રાહકોને જેનેરિક દવાઓ શોધવા, તેના અંગે જાણકારી મેળવવા અને આ દવાઓ ખરીદવામાં મદદરૂપ બનશે. ઉપયોગમાં સરળ એવા આ પ્લેટફૉર્મ પરથી જેનેરિક દવાઓ અંગેની માહિતી મળી રહેશે. તેની મદદથી ગ્રાહકો ૯૯.૯% સારવારની ૪,૦૦૦થી વધારે સલામત દવાઓના મોલેક્યુલ્સમાંથી સૌથી પરવડે તેવા વિકલ્પોને સમજીને પસંદ કરી શકશે.

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!

Zydus Hospitals Cancer Centre

24 સપ્ટેમ્બર, શનિવારના રોજ

ડૉ. સુપ્રીત ભટ્ટ

MS, M.Ch

મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત

● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી

● 20000 થી વધુ સંતૃપ્ત કેન્સર દર્દીઓની સારવાર

દર મહિનાના બીજા અને ચોથા શનિવારે

કેન્સરની સારવાર: ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.